# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૨૨

અંક : ૮


## લઘુવાર્તા... મોટી નૈતિકતા..!

એક વ્યકિતએ તેના ગુરૂને એક સવાલ પૂછયો, મારા કામદારો મારા માટે સાચા નથી. મારા બાળકો, મારી પત્ની અને આખું વિશ્વ ખૂબ સ્વાર્થી છે. કોઈ યોગ્ય નથી.

ગુરૂએ હસીને એક વાર્તા કહી...,

એક નાના ગામમાં એક ઓરડો હતો જેમાં ૧૦૦૦ અરીસાઓ હતા. એક નાનકડી છોકરી અંદર જઈને રમતી હતી. આસપાસના હજારો બાળકોને જોઈને તે આનંદિત થઈ ગઈ. તેણીએ તાળીઓ પાડી હતી અને બધા ૧૦૦૦ બાળકો તેની સાથે તાળીઓ પાડતા હતા તેણીએ આ સ્થાનને વિશ્વની ખુશહાલ અને સુંદર સ્થળ માન્યું હતું અને ઘણીવાર મુલાકાત લેતી હતી.

એક દુખી અને હતાશ વ્યકિત દ્વારા આ જ સ્થાનની મુલાકાત લેવામાં આવી. તેણે તેની આસપાસ હજારો ગુસ્સે ભરાયેલા માણસોને તેની સામે જોતા જોયા, તે ડરી ગયો અને તેમને મારવા માટે તેના હાથ ઉંચા કર્યા અને બદલામાં ૧૦૦૦ લોકોએ તેને પાછો મારવા માટે હાથ ઉપાડયો. તેણે વિચાર્યું... આ વિશ્વની સૌથી ખરાબ જગ્યા આ છે અને તે સ્થાન છોડી દીધું છે.

આ દુનિયા પણ તમારી આસપાસ ૧૦૦૦ અરીસાઓ સાથેનો એક ઓરડો છે.... આપણે આપણી પાસેથી જે બહાર કાઢી નાખીએ તે જ તે બ્રહ્માંડ આપણને પાછું આપશે.!! આ દુનિયા એક સ્વર્ગ છે અથવા નરક.. તે આપણી ઉપર છે કે આપણે તેનામાંથી શું બનાવીએ..ગુરૂએ કહયું.

## જમીનની ફળદ્રુપતા અને ધોવાણ

કુદરતી રીતે જમીન બનવાની પ્રક્રિયા તો ઘણી જ ધીમી છે અને તેની તૂલનામાં જમીન ધોવાણની ક્રિયા અતિ ઘણી ઝડપી છે. એક અંદાજ મુજબ સામાન્ય પરિસ્થિતિમાં કુદરતી પરિબળોની અસર નીચે જમીનનો ૧ સે.મી.નો થર તૈયાર થતાં ૩૦ થી ૮૦ વર્ષ લાગે છે. આવી એક હેકટર જમીનના એક સે.મી.ના થરનું વજન ૧૮૦ મેટ્રિક ટન જેટલું થાય છે. બીજી બાજુ ફકત ૧.૨૫ ટકા ઢાળવાળી જમીન ઉપર જ વર્ષમાં ૫૦ સે.મી. વરસાદ (૧૯.૭ ઈંચ) પડતો હોય તોય દર વર્ષે ઓછામાં ઓછી ૬ મેટ્રિક ટન માટી ધોવાઈ જાય છે. આ રીતે એક સે.મી.નું ૧૦૦ વર્ષે તૈયાર થયેલું પડ માત્ર ૧–૨ વર્ષમાં જ ધોવાઈ જાય છે આ રીતે થતા

ધોવાણથી ખેતી ઉપર માઠી અસર થાય છે અને પાક ઉત્પાદન ઘણું જ ઘટી જાય છે. જમીનની માટીના કણો હવા કે પાણીને કારણે છૂટા પડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ તેનું વહન થાય તે સંપૂર્ણ પ્રક્રિયાને જમીન ધોવાણ કહે છે. મોટાભાગની જમીનના સર્વેક્ષણ પરથી માલૂમ પડયું છે કે માનવીની વિવિધ પ્રવૃત્તિઓથી પણ જમીનની ગુણવત્તા ઠીકઠીક ઘટે છે.

**જમીન ધોવાણના પ્રકાર :** જમીનનું ધોવાણ કરનાર મુખ્યત્વે વરસાદી પાણી, પવન અને દરિયાના મોજા છે. આ ઉપરાંત જમીનનો અયોગ્ય ઉપયોગ, વનસ્પતિનો નાશ, ખામી ભરેલ વાવેતર પદ્ધતિ, પ્રાણીઓનું અનિયંત્રિત ચરિયાણ, પિયતની ખોટી રીત, ઔદ્યોગિકરણ, વધુ પડતો વપરાશ વગેરે પરિબળો પણ જમીન ધોવાણ માટે જવાબદાર છે.

**(૧) વરસાદના પાણીથી થતું ધોવાણ:** ચોમાસામાં સખત વરસાદ વરસતો હોય ત્યારે નદી, નાળાં, વોંકળા વગેરેમાં વહેતું પાણી હંમેશા આપણને ડહોળું જોવા મળે છે. આ પાણી ડહોળું એટલા માટે હોય છે કે તેમાં જમીનના અતિ મૂલ્યવાન ફળદ્રુપ કણો અને પોષક તત્વો હોય છે. આપણને લાગે કે આવા સૂક્ષ્મકણોથી શું વળી જમીન ? પરંતુ જો તેની બરાબર ગણતરી કરવામાં આવે તો આ રીતે લાખો ટન મૂલ્યવાન માટી ધોવાઈ જાય છે. આ રીતે થતા ધોવાણના ત્રણ પ્રકાર છે.

**ચાદરપટ ધોવાણ :** આ પ્રકારનું ધોવાણ સામાન્ય રીતે એક બાજુના ધીમા ઢાળવાળી અને બંધપાળા ન બાંધ્યા હોય તેવી જમીનમાં થાય છે. તેમાં જમીનનું ઉપરનું પડ એકસરખું ધોવાય છે. આ જાતનું ધોવાણ શરૂઆતમાં નજરે પડતુ નથી એટલે તેનાથી ખુબ નુકસાન થાય છે. વળી, જમીનના ઉપરના પડમાં માટીના કણો સાથે પોષક તત્વો પણ વિશેષ પ્રમાણમાં હોય છે. આવા ચાદરપટ ધોવાણને જમીનનો ટી.બી. કહે છે કારણકે તે ઝટ ધ્યાનમાં ન આવે તે રીતે ધીરે ધીરે જમીનનું પોત ઘસીને, ઉત્પાદકતા ઘટાડીને તેને નકામી કરી મુકે છે.

**ચીરારૂપે થતું ધોવાણ :** જમીનનો ઢાળ વધારે હોય, વરસાદનું પ્રમાણ વધારે હોય અને જમીન ઉઘાડી હોય ત્યારે જમીનની સપાટી પર એકઠું થયેલું પાણી વેગથી વહે છે અને ત્યાં નીક જેવા આકાર બને છે. જો વધારે વિસ્તારનું પાણી ત્યાં આવી મળે અને સતત વહેતું રહે તો આવી નીક કે ચીરો વધારે ઊંડો ઉતરે છે. આવા નાના ચીરા જમીન પર કાપા પાડે છે, પરિણામે જમીનનું ઉપલું અને નીચલું પડ બંને ધોવાય છે. એ જમીન પછી ખાડા–ટેકરાવાળી થઈ જાય છે, ખેડવાલાયક રહેતી નથી. જો યોગ્ય જાળવણી કરવામાં ન આવે તો કાયમ માટે એ જમીન બિનઉત્પાદક બને છે.

**કોતર ધોવાણ :** આ જાતનું ધોવાણ વિવિધ દિશાના અને તે વધારે પ્રમાણમાં ઢાળ હોય

**ખુબી અને ખામી બન્ને હોય છે લોકો તમે શુ શોધ્યુ એ મહત્વનું છે.**

તેવી જમીનમાં થાય છે. જ્યાં બે ઢાળ મળતા હોય ત્યાં પાણી ભેગું થઈ વહે છે. આ પાણી જમીનનું ઉપરનું પડ તેમજ નીચેનું પડ ધોઈ નાખે છે. આ ધોવાણ તરત જ દેખાય છે. ગુજરાતમાં મહી અને સાબરમતી નદીના કોતરોએ આ પ્રકારનું ધોવાણ છે.

**(૨) પવનથી થતું ધોવાણ:** સખત ગતિથી વાતા પવનો અને વંટોળના સ્વરૂપે આવતા પવનો જમીનના ઉપલા પડની માટી ઊંચે ચડાવે છે અને પોતાની સાથે ઘસડીને બીજી જગ્યાએ લઈ જાય છે. આવા ધોવાણથી તે પ્રદેશની વનસ્પતિને ખૂબ નુકસાન થાય છે. પવન સાથે ઘસડાયેલી માટી કે રેતી જયાં પડે તે સ્થળની વનસ્પતિ, રસ્તાઓ, નહેરો વગેરેને નુકસાન પહોંચાડે છે. રણપ્રદેશ અને દરિયાકાંઠાની રેતી પવન દ્વારા તેની નજીકની ફળદ્રુપ જમીન ઉપર વેરાય છે અને તેને બિનફળદ્રુપ જમીનમાં ફેરવી નાખે છે.

**(૩) દરિયાનાં મોજાંથી થતું ધોવાણ:** સમુદ્ર કિનારાની ફળદ્રુપ જમીન સાથે અથડાતાં સમુદ્રના પ્રચંડ મોજાં તે જમીનનું ધોવાણ કરે છે. આવું જ વિશાળ સરોવરોના કાંઠે પણ બને છે. જો આવા કાંઠા પરની જમીન વનસ્પતિ વગરની ખુલ્લી અને રેતાળ હોય તો આ પ્રકારનું ધોવાણ વિશેષ થાય છે.

વિવિધ ધોવાણનો આધાર જમીનનો પ્રકાર, જમીનનો ઢાળ, જમીનની નીચેનું પડ, ખેડ, વરસાદનું પ્રમાણ, વરસાદની ઝડપ, આબોહવા, વનસ્પતિનું આચ્છાદન, પાકની જાત, બહારના પાણીની આવક વગેરે બાબતો પર રહેલો છે.

જમીન ધોવાણથી તેની ફળદ્રુપતા ઘટવાથી, વિસ્તારની આર્થિક સ્થિતી પર ત્રણ પ્રકારે અસર પાડે છે.

૧. સતત ઉપલા સ્તરની ફળદ્રુપ જમીનના ધોવાણથી બિનફળદ્રુપ જમીન વિસ્તારમાં સતત વધારો થાય છે.

૨. પાણીના પ્રવાહ સાથે વહેતી માટી નદી–નાળા ને બંધ કરી દે છે તેથી પૂર આવવાની સ્થિતિ સર્જાય છે.

૩. વધારે ધોવાણ થવાથી વરસાદનું પાણી જમીનમાં નિતાર થવાને બદલે વધારે પડતુ સમુદ્રમાં વહી જાય છે તેથી ભુગર્ભજળની સપાટી નીચી જાય છે અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાય છે.

જમીન ધોવાણની સમસ્યાના ઉકેલ માટે જમીન સપાટી કરવી, ઢાળથી આડું વાવેતર કરવું, ઢાળથી આડી ખેડ કરવી, વરસાદ પહેલાં જમીનની ખેડ કરવી, ઊંડી ખેડ કરવી, સેન્દ્રિય ખાતરનો વધારે ઉપયોગ કરવો, જમીનમાં પાણી નિતાર વધારવો, સમોચ્ચ રેખા પર પાળા બાંધવા, પટ્ટી પાકનું વાવેતર કરવું, પગથિયાં ખેતી કરવી, જમીનનો યોગ્ય ઉપયોગ કરવો, ઘાસિયા જમીનનું રક્ષણ કરવું, વૃક્ષોનું પ્રમાણ વધારે રાખવું વગેરે જેવા ઉપાયો કરીને જમીન ધોવાણ ઘટાડી શકાય છે.

– સાભાર : તુષારભાઈ વાઘેલા

**ભેગુ કરીને જીવે તે શહેર અને ભેગા મળીને જીવે એ ગામડું.**

## રક્ષાબંધન કેમ્પિયન

ચાઈલ્ડલાઈન આઉટરીચ મારફત બાળકોની સંભાળ અને સુરક્ષા માટે ચાલતો રાષ્ટ્રીય કાર્યક્રમ છે. જે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની દેખરેખ નીચે ૨૪ કલાક માટે ટોલ ફ્રી ૧૦૯૮નાં માધ્યમથી ચાલે છે. અમરેલી જીલ્લામાં તેનું અમલીકરણ આ વિસ્તારમાં ૧૯૮૦ થી કાર્યરત શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર નામની સ્વૈચ્છિક સંસ્થા દ્વારા કરવામાં આવે છે જેની નોડલ એજેન્સી ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા ફાઉન્ડેશન મુંબઈ છે.

ચાઈલ્ડલાઈન ટીમ દ્વારા લાઠી રોડ એસટી ડીવીઝન સ્લમ વિસ્તારમાં તા.૦૧/૦૮/૨૦૨૦ના રોજ રક્ષાબંધન કેમ્પિયન કરવામાં આવ્યું. કેમ્પિયનમાં અમરેલી ચાઈલ્ડલાઈન ટીમ, ૩ થી ૭ વર્ષના ૨૪ બાળકો તેમજ ૭ વાલીઓએ કાર્યક્રમમાં ભાગ લીધેલ. હાલ કોરોના વાઈરસ મહામારીને ધ્યાનમાં રાખીને કાર્યક્રમની શરૂઆત સામાજીક અંતર જાળવીને ચાઈલ્ડ લાઈન ટીમ દ્વારા બાળકો અને વાલીઓના હાથ સેનીટાઈઝ કરાવવામાં આવ્યા. તેમજ તમામને માસ્ક આપ્યા. મહામારી વચ્ચે ખાસ કરીને બાળકોના આરોગ્યલક્ષી સાવચેતી પગલા લેવા અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. કાર્યક્રમના મહત્વના ભાગરૂપે ભાઈ–બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધન અંગે બાળકોને માહિતગાર કરવામાં આવ્યા અને બાળકોની સંભાળ અને સુરક્ષાની સાથો સાથ આ મહામારીમાં બાળકોનુ શિક્ષણ બગડે નહિ તેની કાળજી રાખવા જણાવ્યુ હતુ.




**સપના ભલે સુકા હોય પાણીતો રોજ તાજું જ છાંટવાનું.**

ચાઈલ્ડ લાઈન દ્વારા ૨૪ કલાક માટે ટોલ ફ્રી ૧૦૯૮નાં માધ્યમથી બાળકોને રક્ષણ કઈ રીતે પુરુ પાડવામાં આવે છે અને ચાઈલ્ડ લાઈનની ઉપયોગીતા તેનાથી થતા લાભો વિશે જાણકારી બાળકો તેમજ વાલીઓને આપવામાં આવી. ચાઈલ્ડ લાઈન ટીમ દ્વારા બાળકોના ઉત્સાહ વધારવા માટે જુદી જુદી પ્રવૃતિ જેમ કે રક્ષાબંધનનાં વિવિધ ચિત્રો અને સુત્રોવાળા ચાર્ટ આપવામાં આવ્યા તેમજ બાળકોના શિક્ષણને ધ્યાનમાં લઈને સ્ટોરીકાર્ડ આપી વાર્તા તથા કવિતાનું વાંચન કરાવવામાં આવેલ, જેથી બાળકો શિક્ષણ પ્રત્યે જાગૃત થાય. વાલીઓને બાળકોના અધિકારો વિશેની સમજણ આપવામાં આવી જેમ કે.. જીવન જીવવાનો અધિકાર, સંરક્ષણનો અધિકાર, વિકાસનો અધિકાર અને સહભાગીતાનો અધિકાર. દિકરા અને દિકરી વચ્ચેના ભેદભાવને દુર કરવા અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા. ત્યારબાદ બાળકોને રમત રમાડવામાં આવી જેમાં બાળકો એકબીજાને સ્પર્શે નહિ તે રીતે દુર ઉભા રાખીને એક બાળક જે પ્રવૃતિ કરે તેનું બધા બાળકોને અનુસરણ કરવાનું કહેવામાં આવ્યું. જેમાં બાળકોએ વિવિધ રીતે તેની મનપસંદ પ્રવૃતિઓ બધા સમક્ષ રજુ કરી. જેથી બાળકોના અંદર છુપાયેલી ક્ષમતાઓ બહાર આવી. ત્યારબાદ બધા બાળકોને બિસ્કીટના પેકેટ આપવામાં આવ્યા. બાળકો અને વાલીઓના આનંદની લાગણી સાથે કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી.

– અર્જુન ઝાંઝરૂકીયા



**જેની ભાષામાં સભ્યતા હોય તેના જીવનમાં ભવ્યતા હોય.**

**ખેતીમાં મહીલા ભાગીદારી એક નવી દિશા ઉભી કરેલ છે.**

બીસીઆઈ અંતર્ગત ખાંભા ખાતે ચાલતાં કૃષિ વિષયક કાર્યક્રમ આઈએનજીજે –૪૬માં કુલ ૪૫૦૩ ખેડૂતો પૈકી ૮૦૩ જેટલી મહીલા ખેડૂતોની ભાગીદારી છે. સામાન્ય રીતે મહીલા ડોકટર, વકીલ, એન્જીનીયર કે રાજકારણી બની શકે પણ ખેડૂત તો હંમેશા પુરુષ જ હોય પણ આ વાત બિલકુલ ખોટી છે. ખાંભા ખાતે ચાલતાં પ્રોજેકટમાં ૮૦૩ જેટલી મહીલા ખેડૂતોની ભાગીદારી છે અને દિનપ્રતિદિન તેમાં વધારો થાય છે.

મહીલાઓના બનેલા એસએચજી ગૃપ, મહીલા સામખ્ય, આત્માં પ્રોજેકટ તેમજ બીસીઆઈ જેવા પ્રોજેકટ દ્વારા મહીલાને પોતાની શકિત અને ક્ષમતાને સમજવાનો અવસર મળી રહે છે. ગ્રામીણ મહીલાઓમાં સકારાત્મક વિચારધારા, વસ્તુનું વિશ્લેષણ કરવાની ક્ષમતા, પોતાની વાત રજુ કરવાની ક્ષમતા,પોતાના માટે જાગૃતતા તેમજ સમસ્યાથી નીપટવા માટેની સમજથી તે સશકત બને છે.

ખેતી અને પશુપાલન ક્ષેત્રે મહીલાઓની બહોળી ભાગીદારી છે. ઘર, કુટુંબ અને પરિવારની જવાબદારી સાથે સાથે મહિલાઓ ખેતીકામમાં પણ સહભાગી બની છે.

**જેમ કે,..** (૧)પાકના રક્ષણ માટે રાત્રીના સમયે જયારે ભાઈઓ વાડી પર પાકનું ઘ્યાન રાખે ત્યારે દિવસે મહિલાઓ ખેતીકાર્ય સાંભળી લે છે.

(૨)ટ્રેકટર કે સનેડાની મદદથી ભાઈઓ આંતરખેડ કરે અને મહિલાઓ વધેલું નિંદણ ઉપાડીને વધેલું નિંદણ ભેગું કરે છે.

(૩)જયારે પાકમાં પાણી અપાતું હોય તે દરમિયાન પાણી સાથે સાથે ખાતરો અને દવા આપવામાં મહિલાઓ સહયોગ પૂરો પાડે છે.

આમ, મહિલા ભાગીદારી માત્ર સરખામણીથી જ નહી પરંતુ ખેતીના દરેક કાર્યમાં સહભાગી બનીને સરળ અને ઝડપી બનાવે છે. ભારતમાં કૃષિ ક્ષેત્ર મહિલાઓ વિના અધૂરું છે. પશુપાલન અને દુધના ઉત્પાદનમાં પૂરી દુનિયામાં ૭.૫ કરોડ મહિલા ભાગીદારી રહેલી છે. ખેતી પ્રધાન દેશ ભારતમાં મહિલાઓનું મહત્વ પુરુષોથી ઓછુ નથી. વાવણીથી કાપણી સુધી મહિલાઓ પુરુષોથી વધારે સમય ખેતીમાં ફાળવે છે. મહિલાઓને ઘણા બધા પડકારો અને સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે.

**મહિલા સ્વાવલંબન :** ખેતીમાં ટેકનીકલ સાધનો ચલાવવામાં મહિલાનું પ્રમાણ નહિવત હતું પરંતુ બદલાતા સમય સાથે હવે મહિલાઓ પણ બળદગાડું ચલાવી શકે છે અને ટ્રેકટર પણ ચલાવી ખેતી કાર્યમાં સહયોગી બને છે દા.ત. ભાડ ગામે વાડી વિસ્તારમાં રહેતા વૈશાલીબેન હકાભાઈ પીલુકીયા ટ્રેકટર ચલાવી ખેતીકામમાં સહયોગી બન્યા છે.

**આ ભેદભાવ શા માટે ?**

(૧) કાપણી પછી માલ જયારે ઘરે આવે

**કોઈની ભુલ થાય તો તક આપો સાહેબ તકલીફ નહીં.**

ત્યારબાદ માલ વેચાણ અંગેનો નિર્ણયમાં મહિલાઓની ભાગીદારી શા માટે નથી?

(૨) મહીલાઓને ખેતી કાર્યમાં ફક્ત એક માત્ર સહાયક તરીકે શા માટે?

(૩) દવા, ખાતર અને બિયારણની ખરીદી અંગેના નિર્ણયો લેવામાં અને પાક વાવેતરના નિર્ણયમાં મહિલા ભાગીદારી કેમ નહી?

જયારે પરિવારમાં મોભી પુરુષને અચાનક જ કોઈ મુસીબત કે કાર્ય કરવાની અસમર્થતા આવી પડે તો તેવા ૧૮% પરિવારની મુખ્ય મહિલા હોય છે.

**આવી જ એક નાનકડા ગરીબ પરિવારની હકીકત :** વાકિયા ગામે ૫ વ્યકિતનો પરિવાર જેમાં પતિ–પત્ની, બે દીકરીઓ અને વૃદ્ધ દાદી રહે છે. ખેતીની નજીવી આવકથી ઘર ચાલતું અચાનક પરિવારના મોભી પરમાર પ્રેમજીભાઈ બીમાર પડયા અને તેના બંને હાથ કામ કરવામાં અસમર્થ બન્યા તથા તેમની નાની દીકરીને જન્મથી જ બંને આંખમાં દેખાવામાં તકલીફ પડે છે. સરકારશ્રીની વૃદ્ધ પેન્શન યોજનાથી પરિવારને થોડી મદદ મળી છે. તેમના પત્ની કંચનબેન ખૂબ હિંમતથી પરિવારને સંભાળે છે અને કંચનબેન જાતે બળદગાડું લઈ વાડી પર જાય છે અને તમામ ખેતી કાર્ય એકલા હાથે સંભાળે છે.

આમ, ખેતી કાર્યમાં મહિલાઓની ભાગીદારી રહેલી છે જ પરંતુ સાથે સાથે અમુક સમય અને પરિસ્થિતિને આધીન રહીને મહિલાઓ ઘરની સમસ્ત જવાબદારી પણ સંભાળતી હોય છે.

– પ્રવિણભાઈ જાલંધરા

## વિપુલતા સિઘ્ધાંત

એક માણસ રણમાં ખોવાઈ ગયો તેની સાથેનું પાણી પણ પુરૂ થઈ ગયું તેને સામે એક ઝુંપડી દેખાણી પુરી તાકાત લગાવી ઝુંપડી પાસે ગયો અને દરવાજો ખેચ્યો. ઝુંપડામાં કોઈ હતુ નહીં પરંતુ એવી આશા સાથે કે ઝુંપડામાં પાણી મળી જશે. પાણી વગર તે મરી જાય તેવી સ્થિતિમાં હતો. દિવાલ ઉપર પાઈપ જોઈને લાગ્યુ કે પાણી ચોકકસ હશે તે થોડો ઉત્સાહમાં આવી ગયો. પાઈપની સાથે જોડેલ હેન્ડપંપ ચલાવ્યો પણ પાણી નિકળ્યુ નહીં અને તેને એવું લાગ્યું કે હવે તે મરી જશે. આ સમયે તેણે ખુણામાં પાણીથી ભરેલી બોટલ જોઈ તે આનંદથી ત્યાં ગયો પણ બોટલ સાથે જોડેલા કાગળમાં લખ્યું હતું કે આ પાણી હેન્ડપંપમાં નાખવાથી હેન્ડપંપમાં પાણી આવશે અને તમે પાણી પીધા પછી ફરી બોટલ ભરીને મુકી દેશો. તેને થયું કે કદાચ આ ખોટું નિકળશે તો. પણ પુરો વિશ્વાસ રાખીને તેણે તે પ્રમાણે કર્યુ અને ખરેખર શુઘ્ધ ઠડું પાણી તેને હેન્ડપંપથી મળ્યું. તેણે પીધુ અને ફરી બોટલ ભરીને વધારાનું લખ્યું કે આ વાત સાચી છે હું તેનો સાક્ષી છું. આ વાત એ શીખવે છે કે.

૧) પાણી અમુલ્ય સંપતિ છે. ૨) હદયથી કરેલો વિશ્વાસ સાચો સાબિત થાય છે. ૩ ) થોડું પાણી આપવાથી હેન્ડપંપથી ઘણું પાણી મળ્યું તેમ કોઈકને આપવાથી અનેક ઘણું પાછું મળે છે. જેથી કહી શકાય કે "જે આપે છે તે જ મેળવે છે. "

**ધૈર્ય રાખો બધા કાર્યો સરળ થતા પહેલા મુશ્કેલ જ લાગે.**

## Happy Birthday

| | |
|---|---|
| Tushar Vaghela | 12.09.1991 |
| Bharat Vala | 20.09.1985 |
| Pravin Jalandhara | 28.09.1976 |
| Rasik Gorasva | 28.09.1995 |
| Avantika Tanti | 29.09.1996 |

## In this month

| | |
|---|---|
| 1 | Training on Gender Equitable Boys for Staff |
| 1 | Rakshabandhan Campaign. |
| 24 | Meeting with members of School Management Committee - SMC federation with organisation's team |
| 24 | FPO link meeting with eFresh and Nitinbhai Mecwan for farmer development centre. |
| 27 | Training for mini science lab with science teachers and education facilitators. |
| 1-31 | Participation of all webinar, training and meeting related to project. |

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK

**ટપક કાર્યાલય :**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સમય ભલે દેખાતો નથી પણ ઘણું બધું દેખાડી જાય છે.**